# પસ્તી ઉઘરાવતા યુવાનની ક્રૂર હત્યાનો ભેદ ઉકેલાયો

## પત્નિ સાથે આડા સંબંધની શંકાએ પતિએ મિત્રો સાથે મળીને ખૂન કર્યુ હતુ : યુવાનને ભોળવીને લોડીંગ રિક્ષામાં કેનાલ પાસે લવાયો અને માથે ટોમી મારીને ચપ્પાના ઘા ઝીક્યાં હતા : ત્રણની ધરપકડ

ગાંધીનગર, તા. ૨૭

એક અઠવાડિયા પહેલા પસ્તી ઉઘરાવતા મેમનગરના યુવાનની જુંડાલ કેનાલ પાસે કરી દેવામાં આવેલી ક્રૂર હત્યાનો ભેદ આજે અડાલજ પોલીસે ઉકેલી નાખ્યો છે. પત્નિ સાથે આડા સંબંધ હોવાની શંકાને કારણે પતિએ તેના અન્ય બે મિત્રો સાથે મળીને તે રાજસ્થાની યુવાનની હત્યા કરી નાંખી હોવાનું બહાર આવ્યું છે. આ પ્રકરણમાં અડાલજ પોલીસે ત્રણેય શખ્સોની ધરપકડ કરી લીધી છે જે દરેક પસ્તી લે-વેચના વ્યવસાય સાથે સંકળાયેલા છે. પોલીસે ત્રણેયના રિમાન્ડ મેળવવા તજવીજ શરૂ કરી છે.

રાજસ્થાની યુવાન ગજાનંદ ડુંગાજી કુમાવતની અડાલજથી ઢુંડાલ કેનાલના કાચા રસ્તામાંથી હત્યા કરીને ફેંકી દેવાયેલી હાલતમાં લાશ મળી આવી હતી. જે અંગે ગુનો નોંધીને અડાલજ પીઆઈ એસ.એસ. ગઢવી તેમની ટીમના હે.કો. અરવિંદભાઈ તથા દલપતસિંહ સહિતના માણસો સાથે હત્યારાને શોધવા કામે લાગી ગયા હતા. આજે તેમને સફળતા મળી ગઈ છે. જે યુવાનની હત્યા થઈ હતી તે ગજાનંદ મુળ રાજસ્થાનનો હતો. હત્યા પ્રકરણનો મુખ્ય સુત્રધાર ૧૮ વર્ષિય કનૈયાલાલ અંબાલાલ કુમાવત પણ મુળ રાજસ્થાનનો છે અને હાલ મેમનગરમાં રહીને સોલામાં પસ્તીની દુકાન ચલાવે છે. કનૈયાલાલની પત્નિ ગજાનંદના ગામની હતી. આઠેક માસ અગાઉ તે બન્ને અવારનવાર મોબાઈલ પર વાતો કરતા ધ્યાને આવતા કનૈયાલાલે શંકા રાખીને તેને ટકોર કરી હતી. વારંવાર આ બાબતે તે બન્ને વચ્ચે ઝઘડા પણ થયા હતા. છેલ્લે કંટાળીને ગજાનંદને બીજા મારફતે ૨૦મી તારીખે રાત્રે ફોન કરીને કનૈયાલાલે સામાજીક કામ હોવાના બહાને બોલાવ્યો અને લોડીંગ રિક્ષામાં બેસાડી લઈ ગયો હતો. તે વખતે લોડીંગ રિક્ષામાં આગળ કનૈયા અને ગજાનંદ ઉપરાંત કનૈયાનો અન્ય એક મિત્ર લક્ષ્મણ ઉર્ફે અર્જુન ઉર્ફે ઠેકડી અમરચંદ કુમાવત (ઉ.વ. ૨૦) પણ હતો. ગજાનંદને ખબર ન પડે તે રીતે ત્રીજો એક મિત્ર પણ રિક્ષાના પાછળના ભાગે બેસાડવામાં આવ્યો હતો. પ્લાન પ્રમાણે રિક્ષા આગળ ગઈ ત્યારે પાછળ છુપાઈને બેસેલા ત્રીજા સાગરીત પ્રકાશચંદ્ર મથુરાલાલ કુમાવતે કનૈયાને ફોન કર્યો. અકસ્માતનું બહાનું કઢાવીને રિક્ષા છેક અડાલજ-ઝુંડાલ કેનાલ પાસે લઈ ગયો. રિક્ષા કેનાલ પાસે પેશાબ કરવાના બહાને ઉભી કરીને કનૈયાએ ગજાનંદને ઉતાર્યો હતો. મારી પત્નિ સાથે કેમ બોલે છે કહીને જોરથી માથામાં લોખંડની ટોમી મારવાનું શરૂ કરી દીધુ. ગજાનંદ પડી ગયો એટલે ચપ્પુ કાઢીને ઘા ઝીંકવા લાગ્યો અને કરપીણ હત્યા કરી નાંખી હતી.



આ સમયે માત્ર ધમકાવવા લઈ જવાનું હોવાનું કહીને બે મિત્રોને લઈને આવેલા કનૈયાને મિત્રોએ મારતા રોક્યો તો તેમને પણ જાનથી મારી નાંખવાની ધમકી આપીને ચુપ કરી દીધા હતા. અડાલજ પોલીસે આ હત્યા કેસનો ભેદ ઉકેલીને ત્રણેય શખ્સોની ધરપકડ કરીને રિમાન્ડ મેળવવા તજવીજ શરૂ કરી છે.

# ગાંધી જયંતિ નિમિત્તે બીજા વર્ષે પણ શહેરમાં સાયકલ યાત્રા નીકળશે

## રોટરી ક્લબ ઓફ ગાંધીનગર દ્વારા આયોજન ૫ હજારથી વધુ સાયકલ સવારો જોડાશે : લકી ડ્રોના માધ્યમથી ૫૧ સાયકલો ઈનામોમાં અપાશે

ગાંધીનગર, તા. ૨૭

શહેરના માર્ગો પર દોડતી વૈભવી કાર્સની સાથે સાયકલની ટોકરીનો રણકાર સંભળાય તેમજ પેટ્રોલની બચત અને પર્યાવરણનું જતન કરવાના ઉમદા આશય સાથે રોટરી ક્લબ ઓફ ગાંધીનગર દ્વારા સતત બીજા વર્ષે આગામી તા. ૨ ઓક્ટોબરના રોજ સાયકલ મહાયાત્રાનું આયોજન કરવામાં આવ્યું છે. જેમાં ૫ હજારથી વધુ સાયકલીસ્ટ ભાગ લેશે. આ દરમિયાન સાયકલ યાત્રિકોને લકી ડ્રોના માધ્યમથી ૫૧ સાયકલ ઈનામરૂપે આપવામાં આવશે.

શહેરમાં છેલ્લા ૨૭ વર્ષથી અનેકવિધ સેવાકીય પ્રવૃત્તિઓના માધ્યમથી નગરજનો ઉપયોગી થવા કાર્યરત રોટરી ક્લબ ઓફ ગાંધીનગર દ્વારા ગત વર્ષની જેમ આ વર્ષે પણ ભવ્ય સાયકલ યાત્રાનું આયોજન કરવામાં આવ્યું છે. રોટરી ક્લબના પ્રમુખ રાહુલ મહેતા, સેક્રેટરી હર્ષદ પટેલ, જોય બક્ષી, પૂર્વ પ્રમુખ સમીર ત્રિવેદી તેમજ જશવંત ગાંધીએ આ અંગે માહિતી આપતા જણાવ્યું હતું કે આગામી તા. ૨ ઓક્ટોબરના રોજ



ચ-૦ પાસેથી સવારે ૮ કલાકે સાયકલયાત્રાનો પ્રારંભ થશે. જ્યારે એક કલાકના સમયગાળામાં સાયકલ યાત્રા ચ-૦ થી ચ-૭ થઈ ચ-૩ પહોંચશે. જ્યાં મહાનુભાવોના હસ્તે સાયકલ સવારોનું સ્વાગત કરાશે. આ દરમિયાન સાયકલયાત્રાના રૂટમાં વિવિધ ચાર જગ્યાએથી કીટનું વિતરણ કરવામાં આવશે. જેમાં કેપ, બિસ્કીટ એનર્જી ડ્રીંક અને પાણીની બોટલ સાથેની કીટ આપવામાં આવશે. જ્યારે સાયકલ યાત્રામાં ભાગ લેનાર માટે ડ્રો કરવામાં આવશે. ડ્રો ના ૫૧ વિજેતાઓને સાયકલનુ ઈનામ આપવામાં આવશે. શહેરના રહીશો દ્વારા જ આ ઈનામો સ્પોન્સર કરવામાં આવ્યા છે. સાયકલ યાત્રાના પ્રસંગે અધિકારીગણ ઉપસ્થિત રહી પ્રોત્સાહન પુરૂ પાડશે. આ તબક્કે સાયકલ ક્લબની સ્થાપના બાદ તેની કામગીરી અંગે પણ ખ્યાલ આપવામાં આવશે.

### સાયકલયાત્રા માટે ફોર્મ મેળવવાના સ્થળ

● કોસમોસ, બી/૧૮૩, ઈલેક્ટ્રોનિક એસ્ટેટ, સે. ૨૫ ● અમુલ પાર્લર, ઘ-૬, સે. ૨૨ ● આવકાર હોટેલ, સે. ૧૬ ● વિમલ શોરૂમ, શોપીંગ સેન્ટર, સે. ૨૧ ● એમ.એમ. સ્પોર્ટસ, વિજય શોપીંગ સેન્ટર, સે. ૧૧ ● ગાંધીનગર સમાચાર, સે. ૮ ● ઉદ્યોગ ભવન કેન્ટિન, ઉદ્યોગ ભવન ● ફિઝિયોથેરાપી સેન્ટર, પંચદેવ મંદિર પાસે, સે. ૨૨ ● પટેલ પાર્લર, ઘ-૫, ઘ-૨ અને સે. ૨૪ ● ગાયત્રી મંદિર, સે. ૧ ● રાધે સ્વીટ્સ, સે. ૧૧ ● આઈ.ડી.બી.આઈ. બેંક, ઈન્ફોસિટી ● સચિવાલય કેન્ટિન, જુના સચિવાલય ● સમકિત સેલ્સ હાર્ડવેર, ખ-રોડ, ખ-૦ ● વિપુલ સાયકલ સ્ટોર, સે. ૨૨

# પાંચ દિવસથી ગુમ ખેડાના યુવાનનો નભોઈ કેનાલમાંથી મૃતદેહ મળ્યો

## કોહવાઈ ગયેલી હાલતમાં મળેલો મૃતદેહ તણાઈને છેક નભોઈ પહોંચ્યો હતો

ગાંધીનગર, તા. ૨૭

ખેડા જિલ્લાના મહુધા વિસ્તારમાંથી પાંચ દિવસથી લાપત્તા યુવાનનો મૃતદેહ આજે તણાતો-તણાતો છેક ગાંધીનગર પાસેના નભોઈ નર્મદા કેનાલમાંથી તરતો મળી આવ્યો હતો. અડાલજ પોલીસે મૃતદેહ પી.એમ. કરાવીને અકસ્માત મોતનો ગુનો દાખલ કરી પરીવારજનોને શોધી મૃતદેહ શોધી દીધો છે.

નભોઈ નર્મદા કેનાલના પાણીમાંથી આજે સવારના અરસામાં કોહવાઈ ગયેલી અને અત્યંત વિકૃત થઈ ગયેલી હાલતમાં એક યુવાનનો મૃતદેહ મળી આવ્યો હતો. અડાલજ પોલીસને ઘટનાની જાણ થતા મૃતદેહ કેનાલમાંથી કઢાવીને તેની ઓળખ માટે તજવીજ શરૂ કરી હતી. તપાસમાં જાણવા મળ્યું હતું કે મૃતક યુવાન ખેડા જિલ્લાની મહુધા વિસ્તારનો છે અને ત્યાંથી ૨૨ તારીખથી ગુમ છે. જે અંગે પરિવારજનોએ સ્થાનિક પોલીસ સ્ટેશનમાં ગુમ થયા અંગે જાણવા જોગ ફરિયાદ નોંધાવી છે. ૩૦ વર્ષિય જગદીશભાઈ ઉદાભાઈનો મૃતદેહ હોવાનું ખુલ્યુ છે. અડાલજ પોલીસે મૃતદેહ પોસ્ટમોર્ટમ કરાવીને પરિવારજનોને સોંપી દીધો છે. પરિવારજનોને પણ ખ્યાલ નથી કે મૃતદેહ કેવી રીતે કેનાલમાં પહોંચ્યો...!

# સે. ૨૨માં રહેતી પરિણીતાનો પંખે દુપટ્ટો બાંધીને ગળા ફાંસો

## એક વર્ષ પહેલા લગ્નગ્રંથિથી જોડાયેલી પરિણીતા એક મહિનાથી પિયરમાં હતી

ગાંધીનગર, તા. ૨૭

ગાંધીનગર શહેરનાં સેક્ટર-૨૨માં કોઈ કારણોસર એક મહિનાથી પિયરમાં રહેવા આવેલી ૨૯ વર્ષિય પરિણીતાએ ઘરના પંખે દુપટ્ટો બાંધીને ગળેફાંસો ખાઈ લઈને આપઘાત કરી લેતા ચકચાર મચી જવા પામી છે. સવારે માતા રૂમમાં પરિણીતાને ઉઠાડવા ગઈ ત્યારે ઘટનાની જાણ થઈ હતી. સે. ૨૧ પોલીસે મૃતદેહ પોસ્ટમોર્ટમ માટે મોકલી અકસ્માત મોતનો ગુનો દાખલ કરીને તપાસનો દોર શરૂ કર્યો છે.

સેક્ટર-૨૨ ખાતેના કેયુર ફ્લેટ, મકાન નં. ૨૫૩/૪માં રહેતી ૨૯ વર્ષીય પરિણીતા રીચાબેન જીતેન્દ્રકુમાર ત્રિવેદીનાં લગ્ન એકાદ વર્ષ અગાઉ થયા હતા. છેલ્લા એકાદ માસથી રીચાબેન કોઈ કારણોસર અહીં પિયરમાં જ રહેતા હતા. આજે સવારના સુમારે તેણીના માતા જગાડવા માટે રીચાબેનના રૂમમાં ગયા તો તે પંખે લટકેલી હાલતમાં હતા. સ્તબ્ધ થઈ ગયેલી માતાએ આ અંગે જાણ કરતાં સે. ૨૧ પોલીસ ઘટનાસ્થળે પહોંચી ગઈ હતી અને મૃતદેહ પોસ્ટમોર્ટમ માટે ગાંધીનગર સિવિલ મોકલીને આપઘાતનું કારણ બહાર લાવવા તજવીજ શરૂ કરી છે.



પશુપાલન શિબિર - ગાંધીનગર જિલ્લા દૂધ ઉત્પાદક સંઘ 'મધુર ડેરી' દ્વારા ટાઉન હોલ ખાતે જિલ્લાના પશુપાલકો માટે તાલીમ શિબિર યોજાઈ હતી. આ પ્રસંગે જિલ્લાના ધારાસભ્યો સર્વશ્રી શંભુજી ઠાકોર, અશોકભાઈ પટેલ, અમીતભાઈ ચૌધરી ઉપસ્થિત રહ્યા હતા. જ્યારે મધુર ડેરીના ચેરમેન શંકરસિંહ રાણાએ શિબિરનો હેતુ સમજાવ્યો હતો. જેમાં પશુપાલકોએ મોટીસંખ્યમાં શિબિરનો લાભ લીધો હતો. (તસવીર : દિપક જાની)

# ગોકુળપુરામાં નિઃશુલ્ક સર્વરોગ નિદાન કેમ્પ

ગાંધીનગર, તા.૨૭

શહેરના ક રોડ પર આવેલા ગોકુળપુરામાં અર્બન હેલ્થ સેન્ટર અને ગાંધીનગર મહાનગરપાલિકાની આરોગ્ય શાખા દ્વારા તા. ૨૯મી સપ્ટેમ્બર રવિવારે નિઃશુલ્ક સર્વ રોગ નિદાન કેમ્પનું આયોજન કરવામાં આવેલ છે. આ કેમ્પ ગોકુળપુરા પ્રાથમિક શાળામાં યોજાશે.

આ કેમ્પમાં વિવિધ તજજ્ઞો જેવા કે ફીઝીશીયન, સર્જન બાળ રોગ નિષ્ણાંત, સ્ત્રી રોગ નિષ્ણાંત, ચામડીના રોગના નિષ્ણાંત અને કાન-નાક ગળાના નિષ્ણાંત સેવાઓ આપશે. જિલ્લા એન.સી.ડી.સેલ દ્વારા આ કેમ્પમાં મહારોગ ડાયાબીટીશની ખાસ તપાસ કરવામાં આવશે.

આ કેમ્પનો સમય સવારના ૯ વાગ્યાથી ૧૨ વાગ્યાનો રાખવામાં આવેલ છે. જેનો ગોકુળપુરા તથા આસપાસના રહીશોને મહત્તમ લાભ ઉઠાવવા અર્બન હેલ્થ સેન્ટર અને મનપાની આરોગ્ય શાખાએ અપીલ કરેલ છે.

# ભાજપ દ્વારા લઘુમતિ મોરચાના હોદ્દેદારોની વરણી

ગાંધીનગર, તા. ૨૭

ગાંધીનગર ભાજપ શહેર અધ્યક્ષ નીતિનભાઈ પટેલ તથા લઘુમતિ મોરચાના શહેર પ્રમુખ અનવરભાઈ જુનેજાએ ગાંધીનગર મહાનગર લઘુમતિ મોરચાના હોદ્દેદારોની નિમણુંક કરી હતી. ઉપાધ્યક્ષ તરીકે સાદીકભાઈ શેખ, યાસીનખાન પઠાણ, સાકીરભાઈ બાબી અને મોસીનભાઈ કુરેશી, મહામંત્રી તરીકે રોશનભાઈ તૈલી અને આશિફભાઈ રાણા, મંત્રી તરીકે ઈમરાનઅલી સૈયદ, આફતાબઅલી સૈયદ, વાસિકખાન પઠાણ, રૂહુલભાઈ મનસુરી અને સમીરખાન પઠાણ, મયુદ્દીન મેમણની કોષાધ્યક્ષ તથા ઈમરાનભાઈ સીપાઈની કાર્યાલય મંત્રી તરીકે સર્વાનુમતે વરણી થઈ હતી.

# વરસાદના પાણીથી ભરાઈ ગયેલા ઊંડા ખાડામાંથી ૧૮ વર્ષિય યુવાનનો મૃતદેહ મળી આવતા ચકચાર

## કન્ટેનર ડેપો જમીયતપુરા પાસે ચાલી રહેલા નવી બાંધકામ સાઈટ પર બનેલી ઘટના

ગાંધીનગર, તા. ૨૭

ગાંધીનગર પાસે સ્થિત કન્ટેનર ડેપો જમીયતપુરા વિસ્તારમાં ચાલી રહેલી નવી બાંધકામ સાઈટ પાસે ખાડાઓ ખોદવામાં આવેલા છે. આ ખાડાઓમાં વરસાદને પગલે પાણી ભરાઈ ગયેલા છે. આજે એક ખાડાના પાણીમાં એક અજાણ્યા યુવાનનો તરતો મૃતદેહ દેખાતા ચકચાર મચી જવા પામી છે. ખાડામાં પડી જવાથી ભરાયેલા પાણીને લીધે તેનું ડુબી જવાથી મૃત્યુ થયું કે અન્ય કોઈ કારણથી ડુબી તે તપાસ કરવા પોલીસે મૃતકની ઓળખ માટે તજવીજ શરૂ કરી દીધી છે. અડાલજ પોલીસે મૃતદેહ પીએમ કરાવીને તપાસ શરૂ કરી છે.

કન્ટેનર ડેપો, જમીયતપુરા વિસ્તારના ગેટ નં. ૩ પાસે આવેલા વલ્લભ કોર્પોરેશનનું બાંધકામનું કામ ચાલી રહ્યું છે. જ્યાં આસપાસમાં નાના-મોટા ખાડાઓ ખોદવામાં આવેલા છે. સતત ચાલુ રહેલા વરસાદને કારણે તમામ ખાડા પાણીથી ભરાઈ ગયેલા છે. આ પૈકીના એક ખાડામાંથી આજે આશરે ૧૮ વર્ષના અજાણ્યા યુવાનનો તરતો મૃતદેહ મળી આવ્યો છે. અડાલજ પોલીસે મૃતદેહ બહાર નિકાળીને તેની ઓળખ માટે તજવીજ શરૂ કરી છે. યુવાન અજાણતા પાણી ભરેલા ખાડામાં પડી ગયો છે કે આપઘાત કર્યો છે ? કે કોઈએ તેને ફેંકી દીધો છે ? તે તમામ થિયરી ઉપર પોલીસે તપાસ આરંભી છે.

# સે.-૪ શનિદેવ મંદિરે ૨૮મી એ આનંદનો ગરબો

ગાંધીનગર, તા. ૨૭

મા મેલડી આનંદ ગરબા મંડળ સેકટર-૩-સીના શ્રીમતી મધુબેન કડીકરના મધુર કંઠે આનંદનો ગરબો તા. ૨૮મી સપ્ટેમ્બરના રોજ રાત્રે શનિદેવ મંદિર સેકટર-૪/બીમાં યોજાશે.

# સે-૩/બી ખાતે રવિવારે આનંદનો ગરબો

ગાંધીનગર, તા. ૨૭

મા મેલડી આનંદ ગરબા મંડળ સેકટર-૩ સીના મધુબેન કડીકરના મધુર કંઠે આનંદ ગરબો તા. ૨૯મી સપ્ટેમ્બરના રોજ કમળાબેન પટેલ પ્લોટ નં. ૧૩૩૦/૧, સેકટર-૩/બીમાં બપોરે ૨.૩૦ કલાકે યોજાશે.

# આજે ગાંધીનગરમાં

## આજનો દિવસ

સૂર્યોદય : ૬.૨૯
સૂર્યાસ્ત : ૬.૩૦

## તાપમાન

મહત્તમ : ૩૦.૦ ડિ.સે.
લઘુત્તમ : ૨૪.૫ ડિ.સે.

## ભેજનું પ્રમાણ

સવારે ૯૨ ટકા ● સાંજે ૮૫ ટકા

## મનોરંજન

### સિને મેક્સ

: સ્ક્રીન-૧ :
વૉર્નિંગ ૩-ડી(હિન્દી) : ૧૦.૩૫, ૧૨.૩૫, ૩.૧૫, ૮.૦૦, ૧૦.૨૦
ઈલ્યુશીયમ : ૫.૩૫
: સ્ક્રીન-૨ :
ધ લન્ચ બૉક્ષ : ૧૦.૩૦, ૩.૨૦, ૫.૪૫, ૧૦.૩૫
ઈલ્યુશીયમ (હિન્દી) : ૧૨.૫૫, ૮.૧૦
: સ્ક્રીન-૩ :
ગ્રાન્ડ મસ્તી: ૧૦.૧૫, ૧.૧૫, ૪.૧૫, ૭.૧૫, ૧૦.૧૫
: સ્ક્રીન-૪ :
ફટા પૉસ્ટર નીકલા હીરો : ૧૦.૦૦, ૧.૦૦, ૪.૦૦, ૭.૦૦, ૧૦.૦૦

### સીટી પ્લસ

: સ્ક્રીન-૧ :
ફટા પૉસ્ટર નીકલા હીરાઃ ૩.૩૦, ૧૦.૦૦
: સ્ક્રીન-૨ :
ફટા પૉસ્ટર નીકલા હીરો : ૧૨.૪૫, ૬.૪૫
ગ્રાન્ડ મસ્તી : ૪.૪૫, ૧૦.૦૦
: સ્ક્રીન-૩ :
ઈલ્યુશીયમ(અંગ્રેજી) : ૪.૩૦, ૭.૦૦, ૯.૩૦
: સ્ક્રીન-૪ :
વૉર્નિંગ (૨-ડી) : ૧૦.૦૦, ૩.૧૫, ૫.૩૦
ધ લન્ચબૉક્ષ : ૧.૦૦, ૮.૦૦, ૧૦.૧૫
: સ્ક્રીન-૫ :
ધ લન્ચબૉક્ષ : ૧.૦૦
વૉર્નિંગ (૨-ડી) : ૩.૧૫
ફટા પૉસ્ટ નીકલા હીરો : ૬.૪૫
ગ્રાન્ડ મસ્તી : ૧૦.૦૦

### સૂર્યા, વાવોલ

ફટા પૉસ્ટર નીકલા હીરો : ૧૨.૪૫, ૩.૪૫, ૯.૪૫
મા-બાપના આશીર્વાદ : ૧૨.૩૦, ૩.૩૦, ૯.૩૦

### મૂવી પ્લેક્સ, કલોલ

: સ્ક્રીન-૧ :
ગ્રાન્ડ મસ્તી: ૧૦.૩૦, ૧.૩૦, ૪.૩૦, ૭.૩૦, ૧૦.૩૦
: સ્ક્રીન-૨ :
વૉર્નિંગ : ૧૦.૪૫, ૪.૪૫, ૧૦.૪૫
ફટા પૉસ્ટર નીકલા હીરો : ૧.૪૫, ૭.૪૫
: સ્ક્રીન-૩ :
સુપર મોડલ: ૧૧.૦૦, ૫.૦૦, ૧૧.૦૦
વૉર્નિંગ : ૨.૦૦, ૮.૦૦

### ચિરાગ, કલોલ

મા-બાપના આશીર્વાદ :૧૨.૩૦, ૩.૩૦, ૬.૩૦, ૯.૩૦

## આપની આજ

**મેષ** : શુભ મંગળકાર્યોનો યોગ. લાભનો માર્ગ મોકળો બનતો જણાય. નોકરીમાં સહકર્મચારીઓ, મિત્રોનો સાથ- સહકારી મળી રહે. ધર્મમાં આસ્થા વધશે.અટવાયેલા કાર્યોનુંનિરાકરણ આવી શકે.

**વૃષભ** : જીવનમાં વિવિધતા પૂર્ણ વાતાવરણ નિર્મિત થશે. વ્યાપાર-વ્યવસાયક્ષેત્રમાં વિશેષ ઉન્નતિકારક યોગોને કારણે મન પ્રસન્ન રહેશે.

**મિથુન** : નોકરીમાં પદ- પ્રતિષ્ઠામાં વધારો થઈ શકે છે. ઋણથી મુક્ત થઈ શકો છો. કાર્યક્ષેત્રમાં મિત્રોનો સાથ સહકાર મળી શખે છે. આર્થિક લાભની તક મળી શકે છે.

**કર્ક** : આધ્યાત્મ સંબંધી માંગલિક કાર્યોમાં વિશેષ યાત્રા થશે. આવકના નવા સાધનો પ્રાપ્ત થઈ શકે છે. ચિંતાથી મુક્તિ મળી શકે છે. સમસ્યાઓનો ઉકેલ આવી શકે છે.

**સિંહ** : ધર્મ-આધ્યાત્મ સંબંધી કાર્યોમાં ગહન ચિંતતનો યોગ. કૌટુંબિક સમસ્યાઓનું નિરાકરણ આવી શકે છે. કર્મક્ષેત્રમાં વિશેષ ભાગીદારી સંબંધી વિવાદ ઉભો થઈ શકે છે.

**કન્યા** : સંતાનને રોજગારના ક્ષેત્રે ઉન્નતિ મળી શકે છે. ચિંતાઓમાંથી બહાર આવવાનો માર્ગ મળી શકે છે. કુંટબમાં ઉભી થયેલી સમસ્યાઓનો ઉકેલ આવી શકે છે.

**તુલા** : સંચિત ધનમાં વૃદ્ધિ થશે. સામાજિક માન- સન્માનમાં વધારો થઈ શકે છે. તમારી મિલનસારિતા અને ધૈર્ય તમને સમાજ અને પરિવારમાં પ્રતિષ્ઠામાં વધારો અપાવી શકે છે.

**વૃશ્ચિક** : વેપારમાં કાર્યક્ષેત્રનો વિકાસ અને વ્યાપારિક મુશ્કેલીઓ દૂર થઈ શકે છે. આવક કરતાં વધુ ખર્ચ થવાથી આર્થિક તંગીની આશંકા છે. વિદ્યાર્થીવર્ગને દિવસ આનંદમય રીતે પસાર થશે.

**ધન** : અટકાયેલા નાણાં પ્રાપ્ત થઈ શકે છે. કૌટુંબિક જવાબદારીઓની ચિંતા હળવી બને. ધાર્મિક ક્ષેત્રે આસ્થા વધશે.

**મકર** : આર્થિક મહત્વનાં વિશેષ કાર્યો પૂર્ણ કરવામાં ભાગ્યવર્ધક સફળતા પ્રાપ્ત થશે. ખાનપાનમાં ગડબડીથી પેટમાં તકલીફ થઈ શકે છે.

**કુંભ** : વ્યાપારમાં વિસ્તાર હેતુ પ્રયત્ન વધુ કરવા પડશે. કૌટુંબિક જીવનમાં સુખ- સમૃદ્ધિમાં વધારો થઈ શકે છે. ભૂમિ- સંપતિના સોદામાં લાભ થવાની સંભાવના છે.

**મીન** : નકામો તનાવ, મુશ્કેલીઓના ભારણ નીચે દબાતા હોવાનો અનુભવ થતો જણાય.અનુભવીનું માર્ગદર્શન લેવું. અથાગ પ્રયત્ન કરવા છતાં ઓછો લાભ મળી શકે.

## ચિરવિદાય

- સ્વ. વ્રજલાલ ધનજીભાઈ ગોવાણી (ઉ.વ. ૭૭) એમ-૩/૨૨, અંબિકા સોસાયટી, સેકટર-૨૪, ગાંધીનગર.
- સ્વ.પિતાંબરભાઈ જેણાભાઈ વાઘેલા (ઉ.વ. ૬૮) મુ.પો. પાલજ, તા., જિ. ગાંધીનગર.
- સ્વ.મોતલબેન મંગાજી ઠાકોર (ઉ.વ. ૬૦) મુ.પો. પ્રભુપુરા (પો. વલાદ), તા., જિ. ગાંધીનગર.
- સ્વ.સજનબા લક્ષ્મણજી વાઘેલા(ઉ.વ. ૧૦૫) મુ.પો. સરગાસણ, તા., જિ. ગાંધીનગર.
- સ્વ.શાંતાબેન માલજીભાઈ રબારી (ઉ.વ. ૫૫) મુ.પો. પીંપળજ, તા., જિ. ગાંધીનગર.
- સ્વ.જગદીશભાઈ ઉદાભાઈ હરીજન (ઉ.વ. ૩૨) મુ.પો. રૂપપુરા, તા., જિ. ખેડા.
- સ્વ.રીટા જીતેન્દ્રભાઈ ત્રિવેદી (ઉ.વ. ૨૭) પ્લોટ નં. ૨૫૩/૪, કેયુર એપાર્ટમેન્ટ, સેકટર-૨૨, ગાંધીનગર.